Extra No. 284

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા નાણા વિભાગના તારીખઃ ૧૭મી જૂન, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક. (જીએન-૪૯) એફડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૪/૨૦૨૩/૨૮૫૯/ઘ (ડીએટી-ઈએસટીટી). -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Director of Insurance, Class I, in the General State Service, under the Directorate of Insurance, Recruitment Rules, 2025

વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વીમા નિયામક, વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: (જીએન-૪૯) એફડી/ઓટીએચ/ઈ-ફાઈલ/૪/૨૦૨૩/૨૮૫૯/ઘ (ડીએટી-ઈએસટીટી) : ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વીમા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વીમા નિયામક, વર્ગ-૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વીમા નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, વીમા નિયામક, વર્ગ-૧ની જગા ઉપરની નિમણૂક, જેણે-

(૧) (૧) વીમા નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ વીમા નિયામક, વર્ગ-૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ભારતીય વીમા સંસ્થા (ઇન્સ્યોરન્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા)માંથી માત્ર સામાન્ય વીમાના વિષયો (નોન-લાઈફ (જીવનેતર)) સાથે અસોસિયેટશીપ પરીક્ષા પાસ કરી હોય;

તેવી વ્યક્તિઓમાંથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, ''ખૂબ સારા''-નો આધારચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(૨) વીમા નિયામકની કચેરીમાંથી, ઉપર પેટા-નિયમ (૧)માં જોગવાઈ કર્યા મુજબ યોગ્ય ઉમેદવાર ન મળે ત્યાં સુધી, ગુજરાત હિસાબી સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ-૧ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સપના વી. રાણા,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.05 22:18:16 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar